**Gujarati**

# <u>સમાજ અને વર્ણિય સંબંધો અંગેની વ્યૂહરચના</u>

## પ્રસ્તાવના

અમે જે સમાજને પોલીસ સેવાઓ પૂરી પાડીએ છીએ તેમના પ્રત્યેની અમારી વચનબદ્ધતા ચોક્કસ કરવા માટે બ્રિટિશ ટ્રાન્સપોર્ટ પોલીસને સક્ષમ બનાવવાનો અને અમે જે સેવાઓ પૂરી પાડીએ છીએ તેમાં સુધારા કરવાનું કેવી રીતે ચાલુ રાખીશું તે સમજાવવાનો આ દસ્તાવેજનો હેતુ છે. આ કરવામાં અમારી મદદ કરવા માટે, જેને અમે પોલીસ સેવાઓ અને રેલવે અંગેની યોજનાઓના વિકાસ વેળાએ ધ્યાનમાં લઈ શકીએ તેવા તમારા અભિપ્રાયોની અમને જરૂર છે, અને અમને તે જોઈએ છે.

## તમારી સેવા કરવી

તમને - એટલે કે આપણા સમાજને - ખરેખર શાની જરૂર છે તે જાણવા માટે અમે અનેક વ્યક્તિઓ અને સંસ્થાઓ સાથે વાતચીત કરીશું. આ પ્રક્રિયામાં (નીચે જણાવવામાં આવેલી) મંત્રણા, ભાગીદારીઓ અને જવાબદારી મધ્યકેન્દ્ર છે અને અમને બને તેટલા અસરકારક અને કાર્યક્ષમ બનાવે તેવી ભાગીદારીઓ વિકસાવવામાં અમે અમારાં તમામ સાધનોનો ઉપયોગ કરી રહ્યાં છીએ.

તમારા પ્રતિ અમારી ઘણી જવાબદારીઓ છે અને તમારી સાથે સંબંધો બાંધવા માટે અમે આતુર છીએ. તમારામાંથી કેટલાંક બ્રિટનની રેલવેનો, કે પછી અમે જે બીજી વાહનવ્યવસ્થા માટે પોલીસ સેવા આપીએ છીએ તેનો દેશમાં મુસાફરી કરવા માટે કે માલસામાન પહોંચાડવા માટે ઉપયોગ કરનારાં અમારા ગ્રાહકો છે. તમારામાંથી કેટલાંક સેવાઓ પૂરી પાડનારાં છે, કદાચ રેલવે ઉદ્યોગમાં સીધું કામ કરનારાં કે તેની સેવાઓ પૂરી પાડનારાં છે. અથવા તમે વિસ્તૃત સમાજના કોઈ સભ્ય હોઈ શકો, જેઓ રેલવે ઉદ્યોગમાં કામ ન કરતાં હોય, પરંતુ કોઈને કોઈ રીતે તેની સાથે સંકળાયેલા હોય. રેલ ચાલકોની માલિકીનાં મકાનોમાં કે તેની નજીકમાં તમે કદાચ રહેતાં હો કે કામ કરતાં હો, અથવા કદાચ બીજી કોઈ રીતે રેલવેથી તમારા જીવનને અસર થતી હોય.

તમારી ભૂમિકા ગમે તે હોય, પણ તમે કદાચ રેલને લગતા કોઈ ગુનાનો ભોગ, ગુનો નજરે નિહાળનાર સાક્ષી, કે કોઈ ઈજા કે અકસ્માતનો ભોગ અથવા કદાચ ગુના માટે શંકાસ્પદ બનો તેવું પણ બની શકે. અમારા કામનાં ઘણાં પાસાં છે. આપણા સમાજને મદદ કરવા માટે, ખાસ કરીને અસમર્થતાવાળાં લોકો અથવા જેઓ મુસાફરી દરમ્યાન બીમાર થાય કે ઈજા પામે તેમના માટે અમારે ત્યાં હાજર હોવું જરૂરી છે. રેલવેને લગતા ગુનામાં સંકળાયેલાં લોકોના પરિવારો અને તેમનાં સ્નેહીજનોને મદદ કરવા માટે અમે કટીબદ્ધ છીએ, પરંતુ જાહેર હિતમાં ક્રિમિનિલ જસ્ટીસ સિસ્ટમ (ગુનાકીય કાર્યો અંગેની ન્યાય પદ્ધતિ)માં રહેલી અન્ય સંસ્થાઓની સેવા કરવાની પણ અમારી ફરજ છે.

## મંત્રણા

અમારું કામ સારી રીતે કરવા માટે અને પોલીસ સેવાનાં આયોજનોનો વિકાસ કરવા માટે, અમારે તમારી જરૂરતોનો પ્રતિસાદ આપવો જરૂરી છે. એટલા માટે અમે સીધા જ અથવા અન્ય ‘ભાગીદારો’ દ્વારા આડકતરી રીતે તમારી સાથે નિયમિત મંત્રણા કરીએ છીએ, દાખલા તરીકે, મંતવ્યોનું સર્વેક્ષણ કરાવીને કે પછી રેલ ઉદ્યોગમાં કે સ્થાનિક સમાજમાં મીટિંગો ભરીને. તમારી સાથે જે કોઈ પણ રીતે મંત્રણા કરવામાં આવી હોય, તમારા મંતવ્યોની અમે કિંમત કરીએ છીએ.

## ભાગીદારીઓ

ભાગીદારીઓની જટિલ જાળ અમને અમારું કામ કરવામાં અને અમારા વ્યૂહરચનાત્મક લક્ષ્યોને પહોંચી વળવામાં અમારી મદદ કરે છે.

તમારી સેવા કરવામાં અમારી મદદ કરી શકે તેવી નવી ભાગીદારીઓ અમે સતત રીતે શોધીએ છીએ. અમારાં સાધનોનો અમે અમારાથી બને તેટલી સારી રીતે વિકાસ કરીએ છીએ તેની ખાતરી કરવા માટે અમે અમારી હાલની ભાગીદારીઓની પણ ફેરવિચારણા કરતા રહીએ છીએ. સારી રીતે કામ કરતી ભાગીદારીનું એક ઉત્તમ ઉદાહરણ રેલવે ઉદ્યોગ, સરકાર અને અમારી વચ્ચેની 'સિક્યોર સ્ટેશન્સ સ્કીમ' (સુરક્ષિત સ્ટેશનોની યોજના) છે.

## જવાબદારી

અમે ઘણાં સ્તરોએ જવાબદાર છીએ. દાખલા તરીકે, ચીફ કોન્સ્ટેબલ પોલીસ કમિટિને જવાબદાર છે અને તેમના દ્વારા રેલવે ઉદ્યોગની રચના અને પોલીસ સેવા માટેનાં સાધનો પૂરાં પાડવા માટે નાણાં ભંડોળ આપનાર ભાગીદારોને જવાબદાર છે.

અમારા એરિયા કમાન્ડરો ચીફ કોન્સ્ટેબલને જવાબદાર છે. અમારું કામ કરવામાં અમને મદદ કરવા માટે અને સમાજની સલામતીમાં સુધારો કરવા માટે અન્ય સંસ્થાઓ સાથે મળીને કામ કરવામાં તેમની પાયાની ભૂમિકા હોય છે. અમારા એરિયા કમાન્ડરો, રેઈલટ્રેક તેમજ અન્ય ટ્રેઈન ચાલક કંપનીઓ, ટ્રાન્સપોર્ટ પદ્ધતિના ચાલકો, ફ્રેઈટ કંપનીઓ તેમજ તે પ્રકારની અન્ય સંસ્થાઓના પ્રતિનિધિઓને સ્થાનિક રીતે મળે છે. તેઓ પેસેન્જર ટ્રાન્સપોર્ટ ઓથોરિટીની મીટિંગોમાં અને રેઈલ યુઝર્સ કન્સલ્ટેટિવ કમિટિની (રેલવેનો ઉપયોગ કરનારાં સાથેની મંત્રણા સમિતિની) મીટિંગોમાં પણ હાજરી આપે છે.

અમે રેલ અથવા મુસાફરોને લગતી સંસ્થાઓને અમારી સાથે કયા પ્રકારના ગુના ચાલુ થતા હોય છે અને તે અંગે અમે કેવી રીતે પગલાં લઈ રહ્યાં છીએ તે વિશે ચર્ચા કરવાની પણ તક આપીએ છીએ.

## વચનબદ્ધતા [1]

અમે સમાજ સાથે મંત્રણા કરીએ, ભાગીદારીમાં કામ કરીએ અને પૂરે પૂરી રીતે જવાબદાર હોઈએ તેની ખાતરી કરવા માટે અનેક પ્રકારે વચનબદ્ધ થયાં છીએ.

### *ભાગીદારી અને મંત્રણામાં સુધારા કરવા* [2]

તમારી સલામતી અને સુરક્ષામાં સુધારા કરવા માટે, અમે હાલની કાર્યપદ્ધતિઓમાં સુધારા કરી રહ્યાં છીએ અને ગુનો તેમજ ગેરવ્યવસ્થા અંગેની ભાગીદારીઓ અને સમાજ સુરક્ષાની નવીનતમ યોજનાઓ દ્વારા નવાં જોડાણો વિકસાવી રહ્યાં છીએ.

### *મુસાફરોને સહાયતા કરવી* [3]

રેલવેના માળખામાં થતા ગુના ઓછા કરવા અને ગુનાના ભય અંગે પગલાં લેવા માટે અમે તમારી સાથે મંત્રણા કરી રહ્યાં છીએ અને તમારી જરૂરતોને ઓળખી રહ્યાં છીએ.

### *રેલવે નજીકના સમાજોને સહાયતા કરવી* [4]

રેલવેને લગતા ગુના અંગે પગલાં લેવામાં અમને મદદ કરવા માટે તમને પ્રોત્સાહિત કરવા અમે આતુર છીએ. અમે તમારી, ખાસ કરીને બાળકો તેમજ ગુનાનો સહેલાઈથી ભોગ બની શકતાં પુખ્ત વયનાં લોકોની રેલવે સાથે જોડાયેલાં જોખમોથી, ખાસ કરીને અધિકૃત જગ્યામાંથી પરવાનગી વગર પસાર થવાના અને ગુનાકીય તોડફોડનાં જોખમોથી સુરક્ષા કરવા માટે ભાગીદારીઓ બનાવી રહ્યાં છીએ.

### *નફરત પ્રેરિત ગુના* [5]

લઘુમતિ કોમનાં જૂથોને અમારામાં જે વિશ્વાસ અને ભરોસો છે તે વધારવા માટે, અને વર્ણભેદી હુમલા, નફરત પ્રેરિત ગુના તેમજ નફરત અને પૂર્વગ્રહ પ્રેરિત બનાવો ઓળખવા અને રોકવા માટે અમે ઘણી મહેનત કરી રહ્યાં છીએ.

### *વિભિન્નતાનું મૂલ્ય આંકવું* [6]

સાંસ્કૃતિક, જાતિય અને વર્ણિય વિભિન્નતાનાં પાસાં વિશે અમારાં કર્મચારીઓને જાગૃત કરવા માટે અમે તેમને તાલીમ આપી રહ્યાં છીએ અને દરેક પ્રકારનો સંસ્થાકીય વર્ણભેદ તેમજ ધર્માંધતા નાબૂદ કરવા માટે કાર્ય કરી રહ્યાં છીએ. અમારી સંસ્થામાંની તેમજ અમે જે સમાજની સેવા કરીએ છીએ તેની વિભિન્નતાનું અમે મૂલ્ય આંકીએ છીએ, અને અમારા નીતિ વિકાસનાં તમામ પાસાં ઉપર અમારા ‘ડાઈવર્સિટી રેફરસન્સ ગ્રુપ’ (વિભિન્નતાના સંદર્ભનું જૂથ)ની સલાહ લઈએ છીએ.

### *નિખાલસતા* [7]

અમે નિખાલસતાથી કામ કરીએ છીએ અને અમારાં પગલાંની કાનૂની રીતે બની શકે તેટલી વધારે સ્પષ્ટતા આપીએ છીએ.

## દેખરેખ અને મૂલ્યાંકન

અમે હાલમાં કામગીરીનાં યોગ્ય સૂચકો એકઠાં કરીને તેમને જાળવી રહ્યા છીએ, જે નિયમિત રીતે પ્રસિદ્ધ કરવામાં આવશે.

હર મેજેસ્ટીઝ ઈન્સ્પેક્ટર ઓફ કોન્સ્ટેબ્યૂલરી નિયમિત રીતે અમારી કામગીરીનું અવલોકન કરે તેની પોલીસ કમિટિ ખાતરી કરે છે. આ પ્રકારની પ્રક્રિયાઓથી અમને સંબંધિત કામગીરી અંગેની માહિતી ઓળખવામાં મદદ થાય છે, જેથી અમે મૂલ્યાંકન કરી શકીએ અને અમારી કામગીરી સુધારવાની આશા રાખી શકીએ.

## વધુ માહિતી

આ વ્યૂહરચના માટે ચીફ કોન્સ્ટેબલ જવાબદાર છે, અને આ વ્યૂહરચના આગળ ધપાવવા માટેની રાષ્ટ્રિય સત્તા ધરાવતા આસિસ્ટન્ટ ચીફ કોન્સ્ટેબલ (સ્કૉટલેન્ડ) દ્વારા તેની દેખરેખ રાખવામાં આવે છે. સમગ્ર દળમાં તેનો અમલ કરાવવા માટે એરિયા કમાન્ડરો જવાબદાર છે.

બ્રિટિશ ટ્રાન્સપોર્ટ પોલીસ વિશે, અમારું બંધારણ કેવી રીતે કરવામાં આવ્યું છે તે વિશે અને અમારી સમાજ અને વર્ણિય સંબંધો અંગેની વ્યૂહરચના (કમ્યુનિટી એન્ડ રેસ રીલેશન્સ સ્ટ્રેટેજી) વિશેની વધુ વિગતવાર માહિતી માટે કૃપા કરીને અમારી વેબસાઈટ www.btp.police.uk ની મુલાકાત લો, 020 7830 8807 નંબર પર ટેલિફોન કરો અથવા 020 7830 8870 નંબર પર ફેક્સ મોકલો.

**અંતનોંધ**

1 આ દરેકને કાર્ય યોજના વડે ટેકો આપવામાં આવે છે; વધુ માહિતી માટે કમ્યુનિટી એન્ડ રેસ રીલેશન્સ યુનિટનો 020 7830 8807 ઉપર સંપર્ક કરો.

2 આસિસ્ટન્ટ ચીફ કોન્સ્ટેબલ (સ્કૉટલેન્ડ) દ્વારા લેવામાં આવતાં પગલાં.

3 એરિયા કમાન્ડરો દ્વારા લેવામાં આવતાં પગલાં.

4 એરિયા કમાન્ડરો દ્વારા લેવામાં આવતાં પગલાં.

5 આસિસ્ટન્ટ ચીફ કોન્સ્ટેબલ (ટેરીટોરિયલ ઓપરેશન્સ) અને ડિટેક્ટિવ ચીફ સુપ્રિન્ટેન્ડન્ટ દ્વારા લેવામાં આવતાં પગલાં.

6 આસિસ્ટન્ટ ચીફ કોન્સ્ટેબલ (ઓપરેશનલ સર્પોટ) દ્વારા લેવામાં આવતાં પગલાં.

7 ફોર્સ મીડિયા મેનેજર દ્વારા લેવામાં આવતાં પગલાં.

British Transport Police, 15 Tavistock Place, London WC1H 9SJ
મફત ફોનઃ 0800 405040, ઈ-મેઈલઃ tom.walsworth.btpolice@ems.rail.co.uk
www.btp.police.uk